ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૪૮/૧૮-૧૯/ ૨૫૬ તારીખ :

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૪૮/૧૮-૧૯

પ્રતિ,
શ્રી પરમાર ગીતાબા રામદેવસિંહ,
C/o. શ્રી પરમાર રામદેવસિંહ અણદુભા,
ગાયત્રી સોસાયટી, દાળમીલ રોડ,
બ્લોક નં.૧૫, સુરેન્દ્રનગર,
જી.સુરેન્દ્રનગર.

**વિષય : નવું ખેતીવાડી વીજજોડાણ મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૬/૧૧/૧૮ અત્રેની કચેરીને મળ્યા તા.૦૧/૧૨/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪૮/૧૮-૧૯/૫૫૨૮ તા.૧૧/૧૨/૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪૮/૧૮-૧૯/૫૭૪૫ તા.૨૪/૧૨/૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૩/૦૧/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:- ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
........*ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, મૂળી.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર –૧૪૮/૧૮–૧૯</u>** ☜

વાદી :– શ્રી પરમાર ગીતાબા રામદેવસિંહ C/o. શ્રી પરમાર રામદેવસિંહ અણદુભા

◈ **વિરૂધ્ધ** ◈

**પ્રતિવાદી** :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **<u>રજુઆતની તારીખ</u>:– ૦૩.૦૧.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી પરમાર રામદેવસિંહ અણદુભા – વાદીનાં પતિ

પ્રતિવાદી :– શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી પરમાર ગીતાબા રામદેવસિંહ C/o. શ્રી પરમાર રામદેવસિંહ અણદુભા, મુ.સુરેન્દ્રનગરની નવું ખેતીવાડી વીજજોડાણ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૪૮/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૪૮/૧૮–૧૯/૫૫૨૮ તા.૧૧/૧૨/૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૩.૦૧.૨૦૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદીનાં પતિ શ્રી પરમાર રામદેવસિંહ અણદુભા હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો સુરેન્દ્રનગર ખાતે રહીએ છીએ. અમારે સુરેન્દ્રનગરના મૂળી તાલુકાના રામપરડા ગામની સીમ જમીન છે. ત્યાં અમોએ વીજ કનેકશન મેળવવા માટે તા.૧૬/૧૨/૨૦૧૫ ના રોજ નિયમ મુજબના કાગળો કરી, ધોરણસરની ફી રૂ.૨૦૦/– ભરેલ, જેની રસીદ ની ઝેરોક્ષ આ સાથે સામેલ છે.

૧.૨ આજની તારીખ સુધી અમારી પાસે કોઈ લેટર અમોને મળેલ નથી. હમણાં અમો મૂળી પીજીવીસીએલમાં તપાસ કરતા ગયા હતાં તો જાણવા મળેલ કે તમોને [illegible] ટપાલથી તમારા સરનામે જાણ કરેલ છે પરંતુ આવી

..૨..

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

ટપાલ અમોને મળેલ નથી. અમોએ ફોર્મમાં પણ ફોરમની અરજીમાં ઉપર જણાવેલ સરનામુ જ દર્શાવેલ છે. જે અંગે ઘટીત કાર્યવાહી કરવા વિનંતી.

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,**

2.1 Smt. Parmar Geetaba Ramdevsinh Village : Ramparada registered an application for new Agricultural Connection on dated 16.12.2015 vide receipt no. 876875.

2.2 As per general procedure of giving connection aforesaid name application passed in year 2018 and for that village helpers went for survey on dated 19.03.2018 at Ramparada on his farm having land survey (LS) numder 76/P1, but no one was present there.

2.3 As per inquiry from local person it was known that no one is residing here with this name. Unfortunately, due to unavailability of mobile number we could not contact the concern person hence we were failed to survey her LS.

2.4 As per procedure we sent a letter to concern party addressing to Ramparada having outward no.3707 dated 23.03.2018. But it return back to us. Therefore due to insufficiency of address we were unable to contact the concern person.

☞ **ફોરમનું તારણ** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર ગીતાબા આર. પરમાર એ સાયલા તાલુકાના રાણમરડા ગામમાં સર્વે નં.૭૬/૧ માં તા.૧૬/૧૨/૧૫ ના રોજ નવા ખેતીવાડી ૨૦ હો.પા.નાં વીજજોડાણ માટે અરજી નોંધણી કરાવેલ.

૩.૨ વાદીની રજુઆત છે કે આજસુધી તેઓને નવા ખેતીવાડી વીજજોડાણ માટેનું અંદાજપત્ર મળેલ નથી.

૩.૩ પ્રતિવાદીએ વાદીને તા.૨૩/૦૩/૧૮ ના રોજ તેમજ તા.૦૫/૦૩/૧૮ ના રોજ સર્વે અંગે તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવા માટે વાદીએ માંગેલ રામપરડા ના સરનામા પર પત્ર લખેલ, જે વાદીને મળેલ નહી.

૩.૪ વાદીએ તેમની અરજીની નોંધણીના ફોર્મમાં નવું કનેકશનના સ્થળ તરીકે સર્વે નં.૭૬ પૈકી ગામ–રામપરડા બતાવેલ, જયારે હાલનું સરનામું અને પત્ર વ્યવહાર ના સરનામા તરીકે ગાયત્રી સોસાયટી, દાળમીલ રોડ, સુરેન્દ્રનગર નું બતાવેલ છે.

૩.૫ પ્રતિવાદીએ ખરેખર વાદીને પત્રવ્યવહાર તેના સુરેન્દ્રનગરનાં સરનામા પર કરવાની જરૂર હતી, તેની બદલે પ્રતિવાદીએ વાદીએ માંગેલ વીજજોડાણ ગામ–રામપરડા ના સરનામે પત્ર વ્યવહાર કરેલ જેથી વાદીને લખેલ પત્ર પરત આવેલ અને પ્રતિવાદી દવારા વાદીને અત્યારસુધી અંદાજપત્ર અપાયેલ નહી.

P.G.V.C.L. Bhavnagar Redressal Forum

૩.૬ તારણ નં.૩.૫ મુજબ પ્રતિવાદીએ વાદીને તેમના સુરેન્દ્રનગરનાં સરનામા પર પત્ર ન લખેલ હોઈ, પ્રતિવાદીએ દિવસ–૭ માં વાદીને રજી. પોસ્ટ દવારા વાદીએ દર્શાવેલ સરનામા પર નવા ખેતીવાડી વીજજોડાણ માટેનું અંદાજપત્ર આપવું.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૬ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(પી: એચ. માવાણી)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૦૩.૦૧.૨૦૧૯

Redressal Forum P.G.V.C.L. Bhavnagar.